
# પારુલ-પ્રસૂન



સ્વ. કુ. પારુલ ટોલિયા

## વર્ધમાન ભારતી ઈન્ટરનૅશનલ ફાઉન્ડેશનનાં
## મહત્ત્વનાં પ્રકાશનો

### 'પ્રિયવાદિની' સ્વ. કુ. પારુલ ટોલિયા દ્વારા લિખિત - સંપાદિત - અનુવાદિત

૧. दक्षिणापथ की साधनायात्रा (હિન્દી) : પ્રકાશિત (પ્રથમાવૃત્તિ પૂરી)

૨. महावीर दर्शन (હિન્દી) Mahavir Darshan (Eng.) : પ્રકાશ્ય

૩. विदेशों में जैन धर्म प्रभावना (હિન્દી) Jainism Abroad (Eng.) મુદ્રણાધીન

૪. Why Abattoirs - Abolition ? (Eng.) : પ્રકાશ્ય

૫. Contribution of Jaina Art, Music & Literature to Indian Culture : પ્રકાશ્ય

૬. Musicians of India - I Came Across : Pt. Ravishankar, others : પ્રકાશ્ય.

૭. Indian Music & Media (Eng.) : પ્રકાશ્ય.

### પ્રા. પ્રતાપકુમાર ટોલિયા દ્વારા લિખિત, સંપાદિત, અનુવાદિત

૮. श्री आत्मसिद्धिशास्त्र एवं अपूर्व अवसर (हिन्दी अनुवादसह) પ્રકાશિત.

૯. अनंत की अनुगूँज (हिन्दी) : (प्रथमावृत्ति पूर्ण) પુરસ્કૃત

૧૦. દક્ષિણાપથની સાધનાયાત્રા (ગુજરાતી) : પ્રકાશિત.

૧૧. महासैनिक (म. गांधीजी एवं श्रीमद् राजचन्द्रजी विषयक) પ્રકાશ્ય : પુરસ્કૃત.

૧૨. Could there be such a warrior ? (") અંગ્રેજી : પ્રકાશ્ય.

૧૩. વિદેશોમાં જૈનધર્મ પ્રભાવના (ગુજરાતી) : પ્રકાશ્ય.

૧૪. પ્રજ્ઞાચક્ષુનું દષ્ટિપ્રદાન : પં. સુખલાલજીનાં સંસ્મરણો (ગુજરાતી) : પ્રકાશ્ય.

૧૫. સ્થિતપ્રજ્ઞની સંગાથે : આચાર્ય વિનોબાજીનાં સંસ્મરણો (") : પ્રકાશ્ય.

૧૬. ગુરુદેવ સંગે : ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર વિષે ગુરુદયાલ મલ્લિકજી : "

૧૭. गुरुदेव के साथ (हिन्दी) " " "

૧૮. "પ્રગટી ભૂમિદાનની ગંગા" અને "વિશ્વમાનવ" (રેડિયોરૂપકો) ગુજરાતી : પ્રકાશ્ય.

૧૯. जब मुर्दे भी जागते हैं। પુરસ્કૃત, અભિનીત હિન્દી નાટક : પ્રકાશ્ય.

૨૦. સંતશિષ્યની જીવનસરિતા (ગુજરાતી) : પ્રકાશિત - અન્યો દ્વારા

૨૧. कर्नाटक के साहित्य को जैन प्रदान (हिन्दी) : પ્રકાશ્ય.

૨૨. Jain Contribution to Kannada Literature & Culture : પ્રકાશ્ય.

૨૩. Meditation & Jainism (અંગ્રેજી) : પ્રકાશિત : પ્રથમાવૃત્તિ પૂરી.

૨૪. Speeches & Talks in U.S.A. & U.K. (અંગ્રેજી/ગુજરાતી) પ્રકાશ્ય.

૨૫. Profiles of Parul (અંગ્રેજી) : પ્રકાશિત.

૨૬. Bhakti Movement in the North (અંગ્રેજી) પ્રકાશ્ય.

# પારુલ-પ્રસૂન

પારુલ કૃતિ

સ્વ. કુ. પારુલ ટોલિયા

જિનભારતી
**વર્ધમાન ભારતી ઇન્ટરનૅશનલ ફાઉન્ડેશન**
પ્રભાત કોમ્પ્લેક્સ, કે. જી. રોડ, બેંગલોર ૫૬૦૦૦૯ (૦૮૦-૨૨૨૫૧૫૫૨)
પારુલ, ૧૫૮૦, કુમારસ્વામી લેઆઉટ, બેંગલોર ૫૬૦૦૭૮
(૦૮૦-૨૬૬૬૭૮૮૨)

Parul Prasoon (Hindi / Gujarati)
Poetry : Written and Spoken
(in audio CD format)
by Late Kum. Parul P. Toliya

Published by પ્રકાશક
જિનભારતી Jinabharati
વર્ધમાન ભારતી ઇંટરનૅશનલ ફાઉન્ડેશન VBIF
અનંત, ૧૨ કેમ્બ્રિજ રોડ, બેંગલોર ૫૬૦ ૦૦૮
પ્રભાત કૉમ્પ્લેક્સ, કે. જી. રોડ, બેંગલોર ૫૬૦ ૦૦૯
પારુલ, ૧૫૮૦, કુમારસ્વામી લે આઉટ, બેંગલોર ૫૬૦ ૦૭૮
Parul, 1580, Kumarswamy Layout, Bangalore 560 078 India

© જિનભારતી Jinabharati સર્વાધિકાર સુરક્ષિત

પ્રકાશન વર્ષ: ૨૦૦૭

પ્રતિઓ ૧૦૦૦

મૂલ્યઃ રુ. ૨૫/– વિદેશમાં US $ 2.00

ટાઇપસેટિંગ : ઇમ્પ્રિન્ટસ, બેંગલોર
મુદ્રાંકન : સી. પી. ઇનોવેશન્સ, બેંગલોર

ISBN No.81-901341-0-8

# કૃતિ-ક્રમ

## કાવ્યો


- નિજઘરમાં પ્રકાશ ૧૦
- તટસ્થિતા ૧૧
- નાદાની આ મનની ૧૧
- સમય! તું થંભી જા ૧૨
- પુનઃ એકાકી ૧૩
- સદીઓનું ભ્રમણ ૧૩
- ગહન ઊંડાણો ૧૪
- નિઃસીમ એકલતા ૧૪
- અભિલાષા – સ્વપ્ન–સાકારતાની ૧૫
- સ્વયંથી પલાયન ૧૬
- અંતસ્–સાગરનાં ઊંડાણે ૧૭


## કથા-કૃતિ


- એક અન્ય મીરા ૧૮


## વ્યક્તિવિશેષ-કૃતિ


- આત્મદ્રષ્ટા માતાજી ૨૧

# પિતા-પુત્રીની કાવ્યમય અભિવ્યક્તિ
## પારુલ-પ્રસૂન

મંગલ મંદિર ખોલો ! ની યાદ આપતો પારુલ-પ્રસૂન શ્રી પ્રતાપ ટોલિયાનો ભાવપૂર્ણ આવિષ્કાર છે - પારુલ-પ્રસૂન. જીવન માં કાવ્ય, સંગીત અને અધ્યાત્મની ત્રિવેણીસાધના કરતાં પ્રતાપભાઈ અહીં એક પિતા તરીકે પ્રગટે છે.

ખૂબ નાની વયે અવસાન પામતી એમની પુત્રી પારુલની વિદાયથી વ્યાકુળ બનેલા અંતરનો અહીં સરળ સહજ આવિષ્કાર છે. અહીં પોતાના આર્દ્ર સંવેદનો* ઉપરાંત સ્વ. પારુલનાં જાતે લખેલા અગિયાર કાવ્યોનો નાનકડો સંપુટ પણ છે. એ ઉપરાંત પારુલની એક વાર્તા તથા લેખો પણ છે. કાવ્યોમાં એની સંવેદનશીલતા ને સાથે આધ્યાત્મિક દૃષ્ટિ પણ જોવા મળે છે. પારુલે એના નાદાન મનની સીમાહીન એકલતા દૂર કરવા પૂરો પ્રયત્ન કર્યો છે. છતાં એ દૂર ન થતાં કરુણ લાચારી વ્યક્ત કરતાં એ લખે છે –

નાદાન મન મેરે !
અપને આપ સે ભી કોઈ, બચ પાયા હૈ કભી ?

આ વેદના એની વિશેષતાથી મર્મસ્પર્શી થઈ છે. અહીં આ કાવ્યમાં માત્ર પિતાની જ નહીં, પણ માતાની ભાવના પણ અજાણતા વણાઈ ગઈ છે. (જેમ કે એના શીર્ષકમાં પ્રસૂન શબ્દમાં પ્રતાપનો પ્ર ને સુમિત્રાનો સુ જોડાઈ જાય છે). પ્રસૂન એટલે ફૂલ થાય – એ ફૂલની અદ્‌ભુત સુવાસ પારુલના કથનમાં આવી જાય છે. એ કહે છે કે –

"– બાપુ, હું કાળથી કચરાઈ ક્યાં છું ? હું સ્વકાળમાં જ સંચરી રહી છું. હું કાળની ગતિથી પર થઈ ગઈ છું!"

મંગલ મંદિર ના દરવાજા પણ આમ જ ખુલે ને? પારુલના આ જવાબમાં આત્માની અમરતાનું આધ્યાત્મિક સત્ય છુપાયેલું છે. એ જો પામી શકાય તો ... ?!

**ડૉ. ગીતા પરીખ**

અમદાવાદ, ૨૧.૧૧.૦૫

---

* આ આર્દ્ર સંવેદનો મૂળ હિન્દી કાવ્યસંગ્રહમાં છે.

"શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ !"

– શ્રીમદ્ રાજચંદ્રજી (આત્મસિદ્ધિ – ૧૧૭)

## પ્રાક્કથન

કર્મસત્તાની આ કેવી વિચિત્ર વિડંબના કે પૂર્વપ્રજ્ઞાધારી મેધાવિની દિવંગતા કુમારી પારુલ પુત્રી બનીને અમારા જીવનમાં આવી અને પથપ્રથર્શિકા બનીને અલ્પાયુમાં જ સિધાવી ગઈ!

પ્રાયઃ જાતિસ્મૃતિજ્ઞાન સુધી પહોંચેલા તેના અલ્પજીવનની પાવન સ્મૃતિઓ પણ અમારે માટે ચિર પ્રેરણાદાયિની બની છે, જેમાંથી થોડી જ સંગૃહીત છે, સર્વેમાં વહેંચવા માટે, અહીં તેની–અમારી આ કાવ્યકૃતિઓમાં અને તેની જીવનઝાંખીની પુસ્તિકા Profiles of Parul માં. આ સંદર્ભમાં વર્તમાન કવિ–મનીષિ શ્રી નિરંજન ભગતના શબ્દોમાં એટલું જ કહીશું કે –

"કાળની કેડીએ ઘડીક સંગ, રે ભાઈ! આપણો ઘડીક સંગ
આતમને તો ય જનમોજનમ, લાગી જશે એનો રંગ."

પારુલના આ ચિરંતન આતમરંગના વિષયમાં, વાણીના વૈખરી–મધ્યમા–પશ્યન્તિની પારના પરાલોકથી ઇંગિત તેની આ કૃતિઓ દ્વારા થોડા સંકેત સાંપડે છે. આ પ્રસ્તુત કર્યાં છે ડૉ. શ્રીમતી ગીતાબેન પરીખ અને ડૉ. વીરેન્દ્રકુમાર જૈને પોતાના પુરોવચન અને કૃતિત્વ મૂલ્યાંકનમાં. અન્યત્ર વિદુષી સુશ્રી વિમલા ઠકાર, પંડિત રવિશંકર, શ્રી કાંતિલાલ પરીખ, ડૉ. રમણલાલ જોશી, શ્રી શ્રીકાંત પારાશર, વગેરેએ પણ આ વ્યકત કર્યાં છે. આ સર્વેનો હાર્દિક અનુગ્રહ દર્શાવતાં, મુદ્રક મિત્રોને પણ ધન્યવાદ આપતાં અર્પિત છે આ થોડીક (મૂળ હિન્દી પરથી અનૂદિત ગુજરાતી) કૃતિઓ– આપ સર્વ પાઠકો–ભાવકોના હાથોમાં.

**પ્રા. પ્રતાપકુમાર ટોલિયા – સુમિત્રા પ્ર. ટોલિયા**

બેંગલોર

# પારુલની કૃતિઓનું મૂલ્યાંકન

કેટલીક વ્યક્તિઓ જન્મજાત વિલક્ષણ પ્રતિભાસંપન્ન હોય છે, કેટલીક નિરંતર અધ્યયન અને અધ્યવસાય દ્વારા પ્રતિભા સંચિત કરે છે અને કેટલીક અન્ય અધિકતર વ્યક્તિઓ સામાન્ય જ્ઞાનની જ ધારક બનીને રહી જાય છે. વિલક્ષણ પ્રતિભાસંપન્ન વ્યક્તિ પ્રાયઃ અલ્પજીવી જોવામાં આવે છે. પરંતુ પોતાના અલ્પ જીવનકાળમાં તેઓ દૃષ્ટા અને સ્રષ્ટાના રૂપમાં ક્ષયધર્મા કાળના અતિ ગતિશીલ પટલ પર પોતાના કૃતિત્વની એવી (અમિટ)છાપ છોડી જાય છે કે જે વ્યક્તિ અને સમાજને માટે લાભદાયક જ નહીં, અનુકરણીય પણ બની જાય છે! આ સંદર્ભમાં અમેરિકન કવિ રિચર્ડ જેફરિસની એક કવિતાનું રૂપાંતર પ્રસ્તુત છે –

"જીવનની અનુપમ આભામાં,
ધરતીનું અનોખું સૌંદર્ય
પ્રત્યેક નવી ખીલનાર પાંખડીની સાથે
એક નવી કલાકૃતિ પ્રસ્તુત કરે છે,
મનહર અને અભૂતપૂર્વ!
જે પળોમાં આપણું મન
સૌંદર્યમાં લીન થાય છે,
એ જ પળોમાં આપણે
ખરેખર જીવતા હોઈએ છીએ!
એટલે જેટલી પળો આપણે સૌંદર્યની વચ્ચે વીતાવીશું,
માત્ર તેટલી જ પળો આપણે ક્ષયધર્મી કાળ પાસેથી પ્રાપ્ત કરી શકીશું."

પારુલની રચનાઓને વાંચતા પ્રતીતિ થાય છે કે એ પોતાની અંતરચેતનામાં ક્ષયધર્મી કાળ પાસેથી જીવનના બહુમૂલ્ય સત્યને પામવામાં સતત પ્રયત્નશીલ રહી અને શોધી શોધીને લાવતી રહી અણમોલ રત્નો. દૃષ્ટવ્ય છે 'નિજઘરમાં પ્રકાશ' નો આ સારગર્ભિત અંશઃ

"વાસ્તવમાં અંધારું તો બહારની ઝાકઝમાળવાળી
દુનિયામાં છે, ભીતરી દુનિયામાં તો પ્રકાશ જ પ્રકાશ છે!
સાહસ કર્યું ત્યાં જવાનું કે એ પ્રકાશને પામી ગયા.
અંદરના સાગરમાં ડૂબવાનો જયાં પ્રયાસ થયો છે
પ્રાપ્ત થયા છે ત્યાં અણમોલ મોતી."

કદાચ પારુલના અવચેતન માનસમાં પોતાના અલ્પજીવનનો 'એહસાસ' રહ્યો હશે! તેની બધી રચનાઓમાં યત્ર-તત્ર એ 'એહસાસ'

પ્રકટ થયો છે:

"ઘૂમતાં વાદળો, ઊડતાં પંખીઓ, તટે ઊભેલાં વૃક્ષો
બધાંનું પ્રતિબિંબ હતું જળમાં
પરંતુ એ જલ-તટ પર ઊભેલી,
પોતાના અસંગ સ્વરૂપમાં ખોવાયેલી,
બહારથી શૂન્ય અશેષ બનેલી
આ અસ્તિત્વવિહીનાનું પ્રતિબિંબ ક્યાંય ન હતું!"

(તટસ્થિતા)

સ્વયં ને 'અસ્તિત્વવિહીના' કહેવું તેની અવચેતન માનસિક સ્થિતિનો સ્પષ્ટ સંકેત આપે છે.

એક બીજી કવિતામાં એ હજુએ વિશેષ પ્રસ્ફુટિત થઈ છે :

"સંધ્યાનાં નીલા ઊંડાણો,
આ ઊંડાણો પર છવાઈજવાનો અસફળ પ્રયાસ કરતાં વાદળો,
માળા ભણી પાછા ફરતાં થાક્યાં, હાર્યાં પંખીઓ . . .
અને તટે ઊભેલાં વૃક્ષો
હતાં પ્રતિબિંબિત જળના અથાગ ગાંભીર્યમાં !
તટ પર ઊભી હતી હું . . .
એકલી, અસંગ . . .
પરંતુ મારું પ્રતિબિંબ ક્યાંય ન હતું ! "

(તેને) પોતાના અવચેતન માનસમાંથી પોતાની અલ્પકાલીન જીવનસ્થિતિના સંકેત બરાબર મળતા રહ્યા હશે ! તેથી જ તો 'સમય'ને સંબોધિત કરીને તેણે કહ્યું હતું :

"સમય! તું થંભી જા,
થોડી વાર માટે પણ ! !
કેટલીક વિખરાયેલી ક્ષણો પુનઃ સમેટી લઉં,
ઉતારી લઉં દિલના ઊંડાણમાં સદાને માટે,
ફરીને મને છોડીને ચાલી ન જાય . . . "

(સમય! તું થંભી જા)

અધ્યયન તથા સ્વાધ્યાયશીલ પ્રકૃતિ ધરાવનાર પારુલને પોતાના અલ્પજીવનમાં જ બહુમુખી પ્રતિભા પ્રાપ્ત થઈ ગઈ હતી. જૈનદર્શનના ગહન અધ્યયનનો પ્રભાવ પણ તેની રચનાઓમાં જોવા મળે છે :

"જ્ઞાનદર્શન સંયુક્ત મારો એક આત્મા જ શાશ્વત,
શેષ તો સારા સંયોગલક્ષણવાળા બહિર્ભાવ !"

અભિવ્યક્તિની સહજ સ્વાભાવિક શૈલી પારુલની રચનાઓમાં સર્વત્ર જોવા મળે છે :

"અંધકાર, એકલતા અને સ્વયં –
માનો ત્રણેય એકરૂપ થઈ ગયા છે"
આ સ્થિતિમાં –
દિલની પ્રત્યેક આહ, પ્રત્યેક પુકાર
પોતાની અંદર જ ક્યાંક ખોવાઈ જાય છે
અને છતાં પણ વદન પર બની રહે છે હાસ્ય અને પ્રસન્નતા!

પારુલની રચનાઓ જો કે સંસ્કૃતનિષ્ઠ હિન્દીમાં છે, પરંતુ અઘરી નથી. તેમાં એવી સ્વાભાવિક સરસતા છે કે જે પાઠકના અંતર્મનના ઊંડાણોમાં ઉતરતી ચાલી જાય છે. સંગીતાત્મકતા તેનો વિશેષ ગુણ છે જે પારુલને પોતાના સાહિત્યમનીષિ અને સંગીતજ્ઞ પિતાશ્રી પ્રતાપકુમાર ટોલિયા અને માતા શ્રીમતી સુમિત્રા ટોલિયા પાસેથી વારસામાં મળ્યો હતો.

સંધ્યાનું તાદૃશ ચિત્રણઃ
"ઘૂમતાં વાદળ, ઊડતાં પંખી, ઊભેલાં વૃક્ષો"
અને –
"ભાગતો સમય,
ક્યાં થોભે છે એ ?"
"અતીત શૈશવની સ્મૃતિઓ –
અને વર્તમાનમાં ભાગી રહેલી
વિખરાતી, જૂદી થતી પળો . . . "

"ઉપરથી નહીં, અંતર ઊંડાણેથી,
બહારથી નહીં, અંદરથી,
પમાય છે ગરિમા અને ગંભીરતા સાગરની,
પ્રેમના સાગરની . . . "
"ચાહ – અભિલાષા
તદ્દન અજાણ, અદૃષ્ટ
જ્યારથી એ ભીતર પેસી ગઈ છે,
ત્યારથી તેને સમજતાં સમજતાં
ખોઈ નાખ્યો પોતાને,
પોતાના 'હોશ'ને, ભાન ને ! "

કન્નડ ભાષાના મનીષિ કવિ દત્તાત્રય રામચંદ્ર બેંદ્રેએ કહ્યું છે :
"દર્દ જે મારું છે, મને જ મુબારક હો !

ગીત લો તેનું, પરંતુ હું તમને આપું છું –
દિલ, જો સાકરની જેમ તમારું પિગળી જાય,
તો સ્વાદ તેનો થોડો શો મને આપી દેજો !''

પોતાના એકાકીપણાનું દર્દ લઈને પારુલ કાલ કવલિત થઈ ગઈ, પરંતુ આપી ગઈ પોતાના દર્દની અનુભૂતિથી ઉત્પન્ન એવી – કાળજયી કૃતિઓ, જેને કાળ કવલિત નહીં કરી શકે.

**ડૉ. વીરેન્દ્રકુમાર જૈન**
(હિન્દી પરથી અનૂદિત)

બેંગલોર, ૧૫.૧૨.૨૦૦૫

## અર્પણ

'વતન તણી માટીની ફોરમ ભીંજવી દેતી ભીતર'

– વતન અમરેલીના કવિમિત્ર સ્વ. શ્રી રમેશ પારેખની આ પંક્તિ અનુસાર પોતાના વતનની આ ધબકતી કરુણા–ભીની માટીની ફોરમને 'ભીતરમાંથી બહાર' કાઢીને પ્રસરાવનારા, પોતાના તપ–સાધનારત પરિવ્રાજક જૈન મુનિ–જીવનમાં પણ, વતનના ધર્મસંસ્કારોથી લોકજીવનને ધર્મસમૃદ્ધ, અહિંસામય બનાવી રહેલા, 'આત્મજ્ઞાન ત્યાં મુનિપણા'ના લક્ષ્ય ભણી ગતિ કરી રહેલા, વતનના–કુળના નામને અજવાળી રહેલા, એવા સ્વ–નામ–ધન્ય, તપોનિધિ આચાર્યપ્રવર શ્રી ભુવભાનુસૂરિ–શિષ્યરત્ન બંધુ મુનિદ્વય

**પં.શ્રી. ભુવનસુંદરજી અને પં.શ્રી. ગુણસુંદરજીને**

કે જેઓએ કવિઓની જન્મભૂમિ એવા વતન અમરેલીમાં જન્મેલી, પોતાના પૂર્વાશ્રમની આ નાનકડી બહેની પારુલ બેંગલોરમાં અકસ્માતગ્રસ્ત થતાં, કરુણાસભર હૈયે, ધર્મભાવપૂર્વક હૉસ્પિટલે દોડી આવી, તેના જીવનની અંતિમ વેળાએ, તેના ઊર્દ્ધ્વગમનસ્થ આત્માની અણધારી આગામી યાત્રાને પોતાના પાવન વાસક્ષેપ–નિક્ષેપથી મંગલમય બનાવી, તે ક્ષણે વિદેશે રહેલા એવા આ પિતાની અનુપસ્થિતિમાં તેના દુઃખદ મહાપ્રયાણને પણ જેમણે સુખદ અને શુભ બનાવી દીધું હતું તેમને, તેમની આ નાનકડી ધર્મભગિની બાલ–કવયિત્રી પારુલની આ ૧૧ જેટલી નાનકડી, થોડી પણ અંતર્દર્શનની સક્ષમ, સાર્થક, દાર્શનિક કાવ્યકૃતિઓ ભાવવંદનાપૂર્વક અર્પિત છે.

**– પ્ર.**

## ૧. નિજઘરમાં પ્રકાશ

ક્રોસ રોડ પર ઊભી છું હું
છવાયેલું છે ગાઢ ધુમ્મસ આગળ પાછળ
આવતા જતા લોકો કહી રહ્યા છે કે 'ન જા એ બાજુ,
ત્યાં છે અંધારું જ અંધારું !'
કદાચ તેઓ પોતાના અનુભવથી બોલી રહ્યા હોય !
અને હું પાછી વળવા માંડું છું
પરંતુ મારી અંદર કંઇક પોકારી ઊઠે છે
અને હું અંદર, એ બાજુ, જવાનું સાહસ કરું છું . . .
આગળ વધતાં જ સર્વ કંઈ બદલવા માંડે છે
લોકો એમ કેમ બોલી રહ્યા હતા?
બહારથી આ ગાઢ અને ક્યારેક ક્યારેક
ભયાનક, નીરવ પણ ભાસે છે.
પણ જેવી અંદર જઉં છું કે એ ઓછું થવા માંડે છે,
ઓછામાં ઓછું થોડે સુધી તો બધું સાફ દેખાય છે . . . અને
બિહામણું તો બિલકુલ નથી !
એ જાણે કોમળ હાથોથી મારા ગાલ પંપાળે છે . . .
ઝાકળબિંદુ કેશ પર મોતીઓની જેમ વિખરાઈ જાય છે . . .
અને . . . તેની નીરવતા શાતા–શાંતિ પ્રદાતા
લાગે છે . . . તદ્દન સ્વપ્નિલ–શી !
ચાલતાં ચાલતાં મને મારી પાછળ કોઈના પગરવ સંભળાય છે . . .
પરંતુ હું બિલકુલ એકલી છું
સાથ છે તો બસ આ ધુમ્મસનો.
અંદર ખુશીની – આનંદની એક લહેર મારામાં દોડી જાય છે. . .
કદાચ હું જ, કેવળ હું જ, તેને સમજી શકું છું,
કારણ હું જ આ પ્રયત્ન કરી રહેલ છું.
બીજા પણ હશે મારા જેવા ક્યાંક દૂર, પણ મારી સાથે નહીં,
આ મારું 'અહમ્' હોઈ શકે છે,

પરંતુ ક્યારેક ક્યારેક પણ કોઈ દેખાય છે તો ભાગી રહેલ !
અને જ્યારે હું ઘેર પહોંચું છું . . .
પોતાને ઘેર નિજ ઘરે
તો ધુમ્મસ જાણે પ્રકાશમાન બની જાય છે . . . ! !
છે ને અજબ ?

## ૨. તટસ્થિતા

સંધ્યાનાં નીલા ઊંડાણો,
આ ઊંડાણો પર
છવાઈ જવાનો અસફળ પ્રયાસ કરતાં વાદળો,
માળા ભણી પાછા ફરતાં થાક્યાં, હાર્યાં પંખીઓ . . .
અને તટે ઊભેલાં વૃક્ષો
હતાં પ્રતિબિંબિત
જળના અથાગ ગાંભીર્યમાં !
તટ પર ઊભી હતી હું . . .
એકલી, અસંગ . . .
પરંતુ મારું પ્રતિબિંબ ક્યાંય ન હતું !

## ૩. નાદાની આ મનની

મનનાં દ્વાર ઊઘાડાં હતાં
છતાં ય કોણ જાણે કેમ
સૂરજનો પ્રકાશ બહાર જ ફેલાઈને રહી જાય છે !
શબ્દહીન મસ્તિષ્કમાં
શાંત આ જીવનમાં
મૂરખ મને કીધો પ્રયાસ :
રંગ અને સૂર ભરવાનો,
નીરવ નિશામાં
સ્વપ્નો સજાવ્યાં સુખદ જીવનનાં !

## ૪. સમય ! તું થંભી જા

સમય ! તું થંભી જા,
થોડી વાર માટે પણ ! !
કેટલીક વિખરાયેલી ક્ષણો
પુનઃ સમેટી લઉં,
ઉતારી લઉં દિલના ઊંડાણમાં
સદાને માટે.
ફરીને મને છોડીને ચાલી ન જાય,
કેટલીક વિસ્મૃત સ્મૃતિને
પુનઃ તાજી કરી લઉં
જેથી મારી ભગ્ન આશાઓ પાછી આવે
મારા અરમાનો, મારા મનોરથો
જેમણે બાંધીને રાખેલું તૂટતા હૈયાને
ફરીને દિલને તોડીને ન જાય !
સમયના ધપતા–ધસમસતા પ્રવાહમાં !
બાળપણની યાદો
યુવાનીની આ વહેતી વિખરાતી જૂદી થતી પળો,
ગુમાવવા નથી ઇચ્છતી –
એ પાછી ફરીને આવે, ન આવે !
જિંદગીના આ ધપતા–ધસમસતા વેગમાં
સમય ! તું થંભી જા !

## ૫. પુનઃ એકાકી

ન જાણે ક્યારથી એકાકી હતી
તમે આવ્યા જીવનમાં
ખુશીઓથી ભરેલી પળો લઈને
કેટલાંય સુંદર સ્વપ્નો લઈને
તો લાગ્યું કે
આખર એકલતાનો સાથ છૂટ્યો
હવે નહીં પડે છાયા જીવનમાં દુઃખની
નહીં આવે નિરાશા ફરીને જીવનમાં
તમે ચાલ્યા ગયા છો હવે,
ફરી એકલી થઈ ગઈ હું . . . !

## ૬. સદીઓનું ભ્રમણ

દીપવત્ પ્રજવલિત કદી
કદી બુઝાઇ જતી
હતી વેરાન જિંદગી . . .
ભટકી રહી હતી સદીઓથી
સુખની શોધમાં
નગર નગર, ડગર ડગર,
ન જાણે ક્યાં ક્યાં ભટકી તેને શોધવા
ક્યારેક પામતાં પામતાં રહી ગઈ
ક્યારેક પડતાં પડતાં રહી ગઈ
આખરે દુનિયા તો ઘણી પામી લીધી,
સુખ મળ્યું પણ કેવું?
જે બે પળ થંભ્યું પણ નહીં
શું હજી યે એમ જ ભટકવાનું ?

## ૭. ગહન ઊંડાણો

પ્રેમનો સાગર
ધીર ગંભીર, અથાહ
ઊછળી રહ્યો છે હૃદયમાં, તૃષા છિપાવનારા
એને ચાખીને ચાલ્યા જાય છે
સમજી નથી શકતા આ ખારાશની અંદર
છુપાયેલી મીઠાશને . . . !

પોતાની મીઠાશને
ખારાશનો જામો માત્ર
પહેરાવ્યો છે . . . !

એના ઊંડાણને, મર્મને પામવાનો પ્રયત્ન
તમને ઊંડુ સુખ આપશે
એમાં એક વાર ડૂબ્યા
કે આવી નહીં શકો ફરીને !

## ૮. નિઃસીમ એકલતા

અજ્ઞાત પથ પર
એક અજનબીની સાથે ચાલી રહી છું
અજાણ અજનબી હું !

સ્વજનોથી દૂર
આ અજનબીપણાથી દબાયેલી
જાણું છું તો કેવલ એકલતાને
જે પળ પળ વધતી વિસ્તરતી જાય છે . . . !
એની નિઃસીમતામાં
મને પોતાને
હજી યે દૂર . . . દૂર જોઉં છું.

## ૯. અભિલાષા – સ્વપ્ન સાકારતાની !

એક અજાણી–શી અભિલાષા
વણજોયેલી પહેલાં
ઘર કરી ગઈ મારામાં
ન જાણે ક્યારથી
તેને સમજવાના પ્રયાસમાં
સ્વયંને ભૂલી ચૂકેલા
દિવાસ્વપ્ન બની ચૂકેલા
જીવનને
આ સ્વપ્નમાંથી યથાર્થમાં બદલવાની કોશિષ
વહાવીને લઈ જઈ રહી છું
અજ્ઞાત અવનવા પથ પર
એ અંતિમ લક્ષ્યની પરિકલ્પના પણ
અસંભવ થવા લાગી છે.
હે દિવાસ્વપ્નના રાજકુમાર !
તમે જ આ પરિકલ્પનાને રૂપ આપો
અને આ રૂપને
અરૂપમાંથી સાકાર–સ્વરૂપ બનાવીશકું . . . !

(મુક્તક)

સહેલાઈથી સ્વર્ગ સાંપડે છે કદી?
અને જનાર પણ પાછો છે ફર્યો કદી ?

## ૧૦. સ્વયંથી પલાયન

અંધારું એકલતા
અને હું . . .
અભિન્ન એકબીજાથી
હૃદયમાંથી ઊઠતી હરેક ટીસ પ્રત્યેક આહ
મારી જ અંદર ક્યાંક ખોવાઈ જાય છે
મારી નિકટ આવનાર
એનો આભાસ પણ પામી નથી શકતો
મારાં વદનનું સ્મિત
ખુશીનો સંકેત બની જાય છે
(અને) એ આગળ ચાલ્યો જાય છે
અને એને પાછો લાવવાના પ્રયત્નમાં વિફળ
ફરી એ અંધકારભરી એકલતાથી
બચવાનો પ્રયત્ન કરવા લાગું છું
પરંતુ રે મારા નાદાન મન !
પોતાની જાતથી તે કોઈ બચી શક્યું છે કદી ?

# ૧૧.અંતસ્-સાગરનાં ઊંડાણે

પરે . . .
શબ્દોના કોલાહલથી
વિચારોની હલચલથી
થંભ્યા છે (થંભી ગયા છે)
એક શાંત, સ્નિગ્ધ નીરવતામાં
અનેક પ્રહર
મનચાહ્યું એકાંત છે જ્યાં
હું છું* અને સાથે છે
એક પ્રશાંત મહાસાગર
જેના અતલ ઊંડાણમાં
મન ચાહે છે
ડૂબી જઇએ
થોડી ક્ષણોને માટે પણ !
(૪.૮.૧૯૮૬)

(૨૮.૮.૧૯૮૮ ના પોતાની જીવનલીલા સંકેલી અંતસ્-સાગરના ઊંડાણે પહોંચી ગયેલી પારુલની, કદાચ છેલ્લી જ, ઉપલબ્ધ કવિતા-કૃતિ)

---

*'હું છું' – સ્વયંનું, સ્વાત્માનું અસ્તિત્વ, 'પ્રશાંત મહાસાગર' – સ્વાત્મ ધ્યાનનો સાગર

ધ્યાનના અંતસ્-સાગરનું ઊંડાણ : ચન્દ્રવત્ નિર્મલ, સૂર્યવત્ વ્યાપ્ત, સાગરવત્ ગંભીર :

**''चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा, सागरवर गंभीरा...''** ।

લોગસ્સ મહાસૂત્ર

# એક અન્ય મીરા

તેને દુનિયામાં આવ્યે પાંચ વર્ષ થઈ ગયાં હતાં.

પરંતુ જાણે એ દુનિયાને ઓળખી જ નહીં શકી હતી, ન તો કંઈ જાણતી હતી આ માયાજાળનાં વિષયમાં, ન કદાચ કઈ જાણવા પણ ઇચ્છતી હતી. તદ્દન બેદરકાર જેવી એ બેઠી રહેતી. તેની સાથે કોઈ રમવા પણ ઇચ્છતું નહીં. તેના મોટા એવા મ્હોંને જોઈને કદાચ બધા ડરતા હતા. ઉમરના પ્રમાણમાં એ કંઇક મોટી જ લાગતી હતી. શરીરથી અવશ્ય મોટી હતી, પરંતુ માનસિક રૂપથી જાણે તેનો વિકાસ કંઇ થયો જ ન હતો!

અમારા પડોશમાં રહેતી હતી – નામ હતું મીરા. કેટલા બધા વ્હાલથી, ઉલ્લાસથી રાખ્યું હશે તેની માએ આ નામ! પહેલાં પહેલાં તો તેની માને દુઃખ તો ઘણું થતું હતું પોતાની દિકરી પ્રત્યે બાળકોનો આવો અળગાપણાનો વ્યવહાર જોઇને, પણ કરી યે શું શકે? હવે તો જાણે કોઠે પડી ગયું છે. મીરાને પણ એકલતામાં મન ક્યાં સુધી લાગે? રમવા ઇચ્છે છે, એમની પાસે જવાનો પ્રયાસ પણ કરે છે, પરંતુ બાળકો ભાગી જાય છે . . . શાળામાં તેને દાખલ કરતા નથી.

ધીરે ધીરે આખરે આ મોટા મ્હોંવાળી મીરાએ પોતાનું મન વાળી લીધું. એકાકીપણાથી કંટાળી જવાની પોતાની ટેવ તેણે બદલી નાખી. બાળકો તેનાથી દૂર ભાગી જતા હતા, તો તે પણ તેમની પરવા છોડીને, એકલા બેસવાનો આનંદ માણવા લાગી.

ઘરની બહાર એક નાનકડું ઝાડ હતું અને ઝાડની નીચે હતો એક પત્થર. તેના પર ઘરના કામમાં માની બધી મદદ કરીને, એકલી બેઠી બેઠી એ શેરીને પેલે પાર દૂર સુધી જોતી રહેતી. પાસે કોઈ આવી ગયું તો ચુપકીદી સાધીને જોયું – ન જોયું કરી દેતી.

બસ હવે તો બહાર બેઠા રહીને પણ તેની ખામોશી વધવા માંડી, ખુદી ખતમ થવા લાગી, માનસિકતા વિકસિત થવા લાગી અને પોતાની અંદરની દુનિયામાં એ ખોવાઈ જવા લાગી. ઉંમર પણ તેની વધવા લાગી અને ઉંમરના વધવાની સાથે સાથે તેની એકલતા પણ – ના, એકલતા હવે તેના માટે 'બોજ' નહીં, 'મોજ' બની ગઈ હતી. આ મોજની મસ્તી વધવા માંડી. બહારના રમત–રમકડાં તેનાં તો ક્યારના યે છૂટી ગયા હતા, જાણે હવે અંદરમાં કોઈ મજાનું રમકડું હાથ લાગી રહ્યું હોય!

એકલી રમી રહેલી આ મીરાનું નામ સુણતાં જ લોકોને ગિરધર ગોપાળની ગાંડી, મેડતાની મહારાણી મીરાની યાદ આવી જતી. પરંતુ બંનેમાં કેટલું બધું અંતર હતું! એ પ્રેમદિવાની છતાં ડાહી, અને આ નિપટ અજ્ઞાની, નાદાન અને ગાંડી-શી.

પરંતુ દિવસો વીતતાં આ ખામોશ એકાકી મીરા પોતાના માંહ્યલામાં કંઈક અજબ-શું બની રહ્યું અનુભવવા લાગી. પોતાના અલ્હડ ગાંડપણને સ્થાને તે હવે સમજણી અને ગંભીર જણાવા લાગી.

ક્યારેક એ ખુલ્લી આંખોથી દૂર દૂર સુધી જોયા કરતી. ક્યારેક આંખો બંધ કરીને પોતાની અંદરમાં કોઈ અવનવી દુનિયા જોવા ચાલી જતી, તેમાં જ ખોવાયેલી રહેતી – કલાકો સુધી, ધ્યાન સમાધિવત્ ! પરંતુ તેની આ આંતરિક સુષ્ટિની અભિવ્યક્તિ ક્યાંય બહાર થવા પામતી નહોતી. એ બોલે તો ને? લોકો તો સૌ એને મૂંગી અને ગાંડી જ ધારી લેતા હતા. પરંતુ તેની ખામોશી તેની મોટી શક્તિ બની રહી હતી, તેમાં નવી તાજગી અને નવી સમજણ વિકસવા લાગી હતી. અંદરની ખામોશી જીવનનું જ્ઞાન વધારનારી હોય છે એ તેના જીવનથી ઝળકવા લાગ્યું હતું. પરંતુ બધા યે નિકટવર્તી લોકો તેની બદલી રહેલી અંતરદશાને સમજવામાં અસમર્થ હતા, નિષ્ફળ હતા. અમસ્તું યે જગત ક્યારે, ક્યાં સમજી શક્યું છે કોઈની અંતરસૃષ્ટિને, તેના ઊંડાણ અને તેની ઊંચાઈને ? અને તેમાં યે આ મીરા જેવી ગાંડી છોકરીને ઓળખી શકવું એ કોના હાથની વાત હતી? બસ એ તો જીવ્યે જતી હતી પોતાની નવી આંતરિક જીંદગી!

મેડતાની ભક્ત મીરા સુદૂરથી બંસરીને અતીતમાં સાંભળતી પોતાની ભક્તિની મસ્તીમાં 'વ્યક્ત' બનીને ગાઈ અને નાચી ઉઠતી હતી, તો આ મીરા પોતાની આંતરિક ખામોશીની અનુરક્તિમાં આનંદ પામતી આંતરિક સૃષ્ટિમાં સૂર અને શબ્દથી રહિત એવી 'અંતર-બંસરી' સાંભળીને લીન બની જતી હતી. પોતાના આનંદને દર્શાવવા ન તો તેની પાસે ગીતના કોઈ શબ્દ કે સ્વર હતા, ન નાચ-ગાનની અભિવ્યક્તિ. હતું તો એક માત્ર હાસ્ય, મુક્ત હાસ્ય, એક ખુશમિજાજ સ્મિત. લોકો તો હજીયે તેને 'પગલી'જ સમજતા અને કહેતા.

પરંતુ પોતાનામાં જ મસ્ત આ મીરાને ક્યાં પરવા હતી લોકોના સમજવા કે કહેવાની? ભલી એ અને ભલી એની ખામોશીની સોનેરી સૃષ્ટિ – 'કાહુકે મનકી કોઉ ન જાનત, લોગનકે મન હાંસી!' –

સમય વીતતો ગયો. મીરાની આ ખામોશી દિન–બ–દિન વધતી જ ગઈ. . . અને . . .

અને એક દિવસ ખુદમાં ખોવાયેલી આ મીરા એકાએક, અચાનક અસમયે શાંત થઈ ગઈ, અનંત ખામોશીની નિદ્રામાં પોઢી ગઈ – વિના કોઈ દુઃખ–દર્દપૂર્વક, વિના કોઈ સંદેશો મૂકી, વિના કોઈ પરિચય–ઈતિહાસ પાછળ છોડીને – 'પરિચય ઇતના ઇતિહાસ યહી, ઊમડી કલ થી, મિટ આજ ચલી' (મહાદેવી વર્મા)

તેની પાછળ તેણે પોતાની સ્મૃતિ અપાવનાર ન તો શબ્દ છોડ્યા હતા, ન ભજન–ગીત. તેનો ન તો કોઈ અક્ષર દેહ – શબ્દ દેહ હતો, ન સ્વર દેહ. નિઃશબ્દની નીરવ, નિસ્પન્દ, નિરાળી દુનિયામાં સંચરણ કરી ગયેલી આ મૂક મીરાનું અસ્તિત્વ ક્યાંય પણ, કોઈપણ સ્વરૂપે ન હતું, જળ–પ્રતિબિંબવત્ પણ નહીં! જળના તટપર ઊભી રહીને, 'તટસ્થિતા' બનીને, સર્વ કાંઈ 'જોનારી' બનીને એ બની ચુકી હતી – અસ્તિત્વ વિહીના, જેનું પ્રતિબિંબ એ જળમાં ક્યાંય પણ ન હતું :

''જળના અથાગ ગાંભીર્યમાં
તટપર ઊભી હતી હું,
એકલી, અસંગ . . .
પરંતુ મારું પ્રતિબિંબ ક્યાંય ન હતું!''

મેડતાની મીરા મેવાડ છોડીને દ્વારકા જઈને પોતાના ગિરધર ગોપાળમાં લીન થઈને સમાઈ ગઈ હતી – પોતાના ભજનોમાં પોતાનું પ્રતિબિંબ છોડીને.

પ્રયાગની 'આધુનિક મીરા' કરુણાત્મા મહાદેવી પોતાનું મહિલા વિશ્વવિદ્યાલય છોડીને પોતાના દરિદ્રનારાયણમાં સમાઈ ગઈ હતી – પોતાના છાયાગીતોમાં પોતાનું પ્રતિબિંબ છોડીને.

આ નિરાળી મીરા પોતાની આજુબાજુની ઉપેક્ષાભરી દુનિયા છોડીને પોતાની અંતર દ્વારકામાં સંચરી જઈને, પોતાના અંતર–નારાયણને શરણે પહોંચીને પોતાની અનંત, અજ્ઞાત, નીરવ–પ્રશાંત દુનિયામાં લીન થઈ ગઈ – તેનું પ્રતિબિંબ ક્યાંય ન હતું!

(પારુલની અપૂર્ણવાર્તા પૂર્તિસહ હિન્દી પરથી અનૂદિત – પ્ર.)

# આત્મદૃષ્ટા માતાજી

વર્તમાન પ્રસિદ્ધિ–યુગનું એક અતિગુપ્ત, આત્મજ્ઞાન–પ્રાપ્ત, અદ્‌ભુત વ્યક્તિત્વ – શ્રીમદ્‌ રાજચન્દ્ર આશ્રમ, હંપી, કર્ણાટકના

પૂજ્ય માતાજી – એક પરિચય

ચોતરફ વ્યાપ્ત રાત્રીનો ઘન અંધકાર ! સર્વત્ર છવાયેલી શાંતિ : નીરવ, સુખમય શાંતિ ! આ અંધકારમાં પ્રકાશ ફેલાવતા તારા અને ચન્દ્ર આકાશમાં સ્મિત વરસાવતા પ્રકાશી રહ્યા છે. સર્વત્ર નજર નાખતા દૂર ઊભેલા પર્વતો અને ક્યાંક ક્યાંક નાના–મોટા શિલાખંડો દેખાય છે.

આપણા સામાન્ય જગતથી તદ્દન ભિન્ન એવી આ એક દુનિયા છે. એવી દુનિયા કે જયાં પગ મૂકતાં જ મનમાં એક પ્રકારની અપૂર્વ શાંતિનો અનુભવ થાય છે; એવી દુનિયા કે જયાં પહોંચતાં આપણે આપણી દુનિયાને ભૂલી જઈએ છીએ કે જયાં આ દુનિયાના વિલાસ, વિટંબણાઓ, ઘમંડ, ક્રોધ, મોહ, માયા, લોભ પહોંચી નથી શકતા. જો અહીં આવવાની સાચે જ ઇચ્છા હોય તો આ બધા વિભાવોને ઘેર જ મૂકીને આવવું પડશે, કારણ કે તમે અહીં આવો છો તમારા વ્યથિત, નિરુદ્દેશ્ય ભટકતા આત્માને શાંતિ પમાડવા, આ દુર્લભ માનવજીવનનું મૂલ્ય સમજાવવા, પોતાની જાતને શોધવા, અંતરાત્મામાં ડોકિયું કરવા, અંતરાત્માને પ્રાપ્ત કરવા, પોતાના વિષય–કષાયોને પોષવા માટે નહીં.

અનેક મહાપુરુષોની ચરણરજથી પુનિત બનેલ આ સ્થાન છે – યોગભૂમિ હંપી. 'સદ્‌ભક્ત્યા સ્તોત્ર' માં ઉલ્લેખાયેલ '' '' વાળી કર્ણાટક સ્થિત રત્નકૂટ–હેમકૂટવાળી પ્રાચીન નગરી, જૈન તીર્થ હંપી – વિજયનગર સામ્રાજયનો ભૂલાઈ ગયેલો એ ભૂભાગ કે જયાં આ નૂતન જૈન તીર્થ રૂપ આશ્રમ – શ્રીમદ્‌ રાજચન્દ્ર આશ્રમ – કુદરતી ગુફાઓમાં વસ્યો છે – શહેરી જીવનની ધમાલ અને વિકૃતિઓથી માઈલો દૂર ! અહીં ટ્રેઈન, મોટર–ગાડી કે બસોનો અવાજ પણ નથી પહોંચતો ! ટેકરી પર સ્થિત આ તીર્થધામની નીચે હર્યાભર્યાં ખેતરો, બીજી બાજુ પર્વત અને પર્વતની નીચે ખળખળ વહેતી તીર્થસલિલા તુંગભદ્રા નદી અને ઉપર આશ્રમમાં બંધાયેલું સુંદર મંદિર કે જેને જોતાની સાથે જ વ્યક્તિની

બુરાઈઓ કોણ જાણે ક્યાં ચાલી જાય છે ! જાણે એ કદી હતી જ નહીં ! !

અહીં સહુનું સ્વાગત છે : આપણા સમાજને છિન્ન-ભિન્ન કરતા ઊંચનીચના ભેદને અહીં કોઈ સ્થાન નથી. વીસમા જૈન તીર્થંકર પરમાત્મા મુનિસુવ્રત ભગવાનના તેમ જ મર્યાદા પુરુષોત્તમ શ્રીરામના વિચરણવાળી મનાતી રામાયણકાલીન કિષ્કિન્ધા નગરી અને મધ્યકાલીન વિજયનગર સામ્રાજ્યની આ ભૂમિ ! એમાં તો જાણે આજે પણ યોગીન્દ્ર યુગપ્રધાન શ્રી સહજાનંદઘનજી જેવા મહામાનવની યોગ, જ્ઞાન તેમ જ ભક્તિની ત્રિવેણીથી પાવન ધરા પર ભગવાન અત્યારે સાક્ષાત્ વસે છે. અને એમની ભેદ, રાગ, દ્વેષથી મુક્ત દૃષ્ટિમાં તો બધા ય આત્મા સમાન છે – પછી ભલે એ કોઈ ગરીબનો આત્મા હોય કે અમીરનો; માનવદેહમાં વસેલો હોય કે પશુ-પક્ષી અથવા કીડા-મકોડાના શરીરમાં રહેલો હોય ! અહીં તો સાચી ભાવનાઓનું સ્વાગત છે!

આ આશ્રમનું સંચાલન કરનાર છે – બાહ્યવેશે સીધા-સાદા સામાન્ય દેખાતા, પરંતુ અંદરથી જ્ઞાન, ભક્તિ અને યોગની અમાપ્ય ઊંચાઈ પર પહોંચેલા આત્મજ્ઞા 'માતાજી'. સહુ એમને આ નામે જ સંબોધે છે. તેઓ માત્ર નામથી જ નહીં, વાસ્તવમાં માતાજી છે. બધાંનાં માતાજી ... મા ... ! વાત્સલ્ય અને કરુણાના સાગર સમા માતાજી. . . !!

ધનદેવીજી નામધારી આ જગત્માતાની કાયા ગુજરાતના કચ્છપ્રદેશની જ છે, પરંતુ આત્મા દેહ હોવા છતાં મહાવિદેહ ક્ષેત્રનો છે. એમને 'જગત્માતા' ના તેમજ આશ્રમના અધિષ્ઠાત્રીના રૂપમાં સ્થાપિત કર્યાં છે, જંગલમાં મંગળરૂપ આ નૂતન જૈન તીર્થધામના સંસ્થાપક મહાયોગી શ્રી સહજાનંદઘન પ્રભુએ – દસ વર્ષ પહેલાં ૧૯૭૦માં યોગ દ્વારા દેહત્યાગ કરતાં પહેલાં. આજે એમના તેજસ્વી, જ્ઞાનપૂત નિર્મળ વદનથી જ આ આખો યે આશ્રમ પ્રકાશિત છે ! માતાજી જગતના રાગાદિ બંધનોથી મુક્ત છતાં નિષ્કારણ છલકાતી કરુણાના, સર્વવાત્સલ્યના સાક્ષાત્ સાગર સમાન છે ! તેઓ મનુષ્યોના જ નહીં, મૂંગા, પીડિત, વેદનાગ્રસ્ત પશુ-પક્ષીઓના પણ 'મા' છે! પ્રત્યેક અતિથિનું, આગંતુક સાધુ-સાધ્વીઓનું જ સ્વાગત તેઓ કરે છે એમ નથી, પ્રત્યેક બાળક અને શ્રાવકથી પણ વિશેષ પશુપક્ષીની જે મમતાપૂર્ણ સેવા તેઓ કરે છે તે અન્યત્ર જોવા નથી મળતું. યોગ, જ્ઞાન અને ભક્તિની આ

અમાપ્ય ઊંચાઈ પર પહોંચેલ આ 'મા' એટલી સહજ સરળતાથી બીજાની સેવામાં – કલ્યાણમાં લાગેલાં રહે છે તે જોઈ આશ્ચર્યમુગ્ધ જ રહી જવાય છે. બાલિકાઓ અને બહેનો માટે તો તેઓ વાત્સલ્ય અને આશ્રયનું એક વિરાટ વટવૃક્ષ જ છે, તો બીજી બાજુ જીવનભર એમની પાસેથી આત્મસાધના માટેની દૃઢતા પ્રાપ્ત કરતા રહી અંતકાળે માત્ર માણસોને જ નહીં, પશુઓને પણ સમાધિમરણ પમાડવાની ક્ષમતા ધરાવનાર આ 'મા'નું વ્યક્તિત્વ વિરલ છે! અનેક મનુષ્યોએ જ નહીં, ગાય, વાછડા અને કૂતરાઓએ પણ એમની પાવન નિશ્રામાં આત્મસમાધિપૂર્વક દેહ છોડવાનું ધન્ય પુણ્ય પ્રાપ્ત કરી જીવન સાર્થક કર્યું છે. એવી સર્વજગતારિણી વાત્સલ્યમયી માને માટે શું અને કેટલું લખું? વર્ણનાતીત છે એમનું અદ્‌ભુત, વિરલ, વિલક્ષણ જીવન !

આવી પરમ વિભૂતિ માના ચરણોમાં તેમ જ આવી પાવન તીર્થભૂમિ પર ખુલ્લા આકાશની નીચે બેસીને અનેક ઉચ્ચ વિચાર આવે છે અને સરી જાય છે. અચાનક એક વેદના ઊઠે છે કે આ સ્વર્ગીય દુનિયાને છોડીને વળી પાછા વ્યવહારોની ખોખલી દુનિયામાં પરત જવું પડશે? મન ઉદાસ થઈ જાય છે. નથી જવું ! કાશ ! (આપણી જ ઇચ્છાઓથી સર્જાએલી) એ દુનિયા જ ન બની હોત તો ! ! હંપીમાં, વાત્સલ્યમયી માનાં ચરણોમાં જે મમત્વ, જે પ્રેમ મળે છે એ પેલી દુનિયામાં ક્યાં મળશે? એ દુનિયાને આ વિભૂતિ વિષે ક્યાં કંઈ ખબર છે? છતાં જવાબદારીઓ ખેંચે છે . . . જવા માટે વિવશ કરે છે. જવા તૈયાર તો થાઉં છું, પણ આ સંકલ્પ સાથે કે . . . 'ફરી અહીં પાછી આવીશ . . . થોડા જ દિવસોમાં . . .'

ગહન રાત્રીમાં આ વિચારો અંતરાત્મા પર છવાઈ જાય છે અને મન–પ્રાણ પર પુનઃ શાંતિ વ્યાપી જાય છે . . .

**(સ્વ.) કુ. પારુલ ટોલિયા**
એમ.એ.

નોંધઃ– આ લેખ લખ્યા બાદ ૧૯૮૮માં લેખિકાનો દિવ્યાત્મા આ 'ખોખલી' દુનિયા છોડીને ચાલ્યો ગયો – કદાચ પોતાના સૂક્ષ્મ આત્મરૂપે આ આત્મજ્ઞા માને પગલે ચાલવા !

## એક પત્રનો પ્રતિભાવ – સ્વ. પારુલ વિષેનો

. . . પણ આ પુસ્તિકામાં મળે છે. તેમની બીજી પુત્રી પારુલ વિશે પ્રગટ થયેલ 'Profiles of Parul' પુસ્તક જોવા જેવું છે. પ્રો.ટોલિયાની આ પ્રતિભાશાળી પુત્રી પારુલનો જન્મ ૩૧ ડિસેમ્બર ૧૯૬૧ના રોજ અમરેલીમાં થયો હતો. પારુલનું શૈશવ, એની વિવિધ બુદ્ધિશક્તિઓનો વિકાસ, કલા અને ધર્મ પ્રત્યેની અભિમુખતા, સંગીત અને પત્રકારત્વ ક્ષેત્રે એની સિદ્ધિઓ વ. નો આલેખ આ પુસ્તકમાં મળે છે. પારુલ એક ઉચ્ચ આત્મા રૂપે સર્વત્ર સુગંધ પ્રસારી ગઈ. ૨૮ ઓગસ્ટ ૧૯૮૮ના રોજ બેંગલોરમાં રસ્તો ઓળંગતાં સર્જાયેલા અકસ્માતમાં એનું અકાળ કરૂણ અવસાન થયું. પુસ્તકમાં એના જીવનની તવારીખ અને અંજલિ લેખો આપવામાં આવ્યાં છે. એમાં પંડિત રવિશંકરની અને શ્રી કાન્તિલાલ પરીખની 'Parul - a serene soul' સ્વર્ગસ્થની કલા અને ધર્મનાં ક્ષેત્રોમાંની સંપ્રાપ્તિઓનો સુંદર આલેખ આપે છે. પારુલ આજુબાજુની સમગ્ર સૃષ્ટિને સાત્ત્વિક સ્નેહના આશ્લેષમાં બાંધી લેતી. માત્ર મનુષ્યો પ્રત્યે જ નહિ પણ પશુ–પંખી સમેત સમગ્ર સૃષ્ટિ પ્રત્યે એનો સમભાવ અને પ્રેમ વિસ્તર્યા હતા. એનો ચેતોવિસ્તાર વિરલ કહેવાય. સમગ્ર પુસ્તકમાંથી પારુલના આત્માની જે છબિ ઊપસે છે તે આદર જન્માવે એવી છે. કાળની ગતિ એવી કે આ ફૂલ પૂર્ણરૂપે ખીલતું જતું હતું ત્યાં જ એ મુરઝાયું! પુસ્તકમાં આપેલી છબિઓ એક વ્યક્તિના ૨૭ વર્ષના આયુષ્યને અને એની પ્રગતિને આબેહૂબ ખડી કરે છે. પુસ્તિકાના વાચન પછી વાચકની આંખ પણ ભીની થાય છે. પ્રભુ આ ઉદાત્ત આત્માને ચિર શાંતિ અર્પો!

વર્ધમાન ભારતી ગુજરાતથી દૂર રહ્યાં રહ્યાં પણ સંસ્કાર પ્રસારનું જ કાર્ય કરે છે એ સમાજોપયોગી અને લોકોપકારક હોઈ અભિનંદનીય છે.

**ડૉ. રમણલાલ જોશી**
(તંત્રી, ઉદ્દેશ)

ત્રિવેણી, લોકસત્તા–જનસત્તા
અમદાવાદ, ૨૨–૩–૧૯૯૨

૨૭. Saints of Gujarat (અંગ્રેજી) પ્રકાશ્ય.

૨૮. Jainism in Present Age (અંગ્રેજી) પ્રકાશ્ય.

૨૯. My Mystic Master Y.Y. Sri Sahajanandghanji : પ્રકાશ્ય.

30. Holy Mother of Hampi : આત્મજ્ઞા માતાજી : (અંગ્રેજી-ગુજ-હિન્દી) પ્રકાશ્ય.

૩૧. સાધનાયાત્રાનો સંધાનપંથ (દક્ષિણાપથની સાધનાયાત્રા-૨) : ગુજરાતી : પ્રકાશ્ય.

૩૨. દાંડીપથને પગલે પગલે (ગાંધી-શતાબ્દી દાંડીયાત્રાનુભવો) : ગુજરાતી : પ્રકાશ્ય.

૩૩. विद्रोहिनी (નાટિકા) હિન્દી : પ્રકાશ્ય.

૩૪. रविरेखा (નાટિકા) "

૩૫. અમરેલીથી અમેરિકા સુધી (જીવનયાત્રા) ગુજરાતી/હિન્દી/અંગ્રેજી : પ્રકાશ્ય.

૩૬. પાવપુરીની પાવન ધરતી પરથી (આર્ષ-દર્શન) : ગુજરાતી/હિન્દી : પ્રકાશ્ય.

૩૭. मेरे मानसलोक के महावीर : હિન્દી : પ્રકાશ્ય.

૩૮. विद्रोह-व्यंग्य (કાવ્યો) : હિન્દી : પ્રકાશ્ય.

૩૯: Popular Poems of Prof. Toliya (કાવ્ય) અંગ્રેજી/ગુજરાતી : પ્રકાશ્ય

૪૦. Silence Speaks (કાવ્યો) : અંગ્રેજી : પ્રકાશ્ય.

૪૧. गीत निशान्त (કાવ્ય-ગીતો) : હિન્દી : પ્રકાશ્ય.

૪૨. કીર્તિ-સ્મૃતિ : પારુલ-સ્મૃતિ (દિવંગત અનુજ ને આત્મજાનાં સ્મરણો) : પ્રકાશ્ય

૪૩. "ઍવોર્ડ" (વાર્તાસંગ્રહ) : ગુજરાતી : પ્રકાશ્ય (વર્તમાનપત્ર પ્રકાશિત)

૪૪. Bribe Master, Public School Master & Other Stories (વાર્તાસંગ્રહ) અંગ્રેજી : પ્રકાશ્ય.

૪૫. વેદનસંવેદન (કાવ્યો) : ગુજરાતી : પ્રકાશ્ય.

૪૬. पराशब्द (निबंधो) : હિન્દી : પ્રકાશ્ય.

૪૭. उपेक्षित (नवलकथा) : હિન્દી : પ્રકાશ્ય.

૪૮. दीवारें बोलती हैं - (नाटक) હિન્દી : પ્રકાશ્ય.

૪૯. दीवारों के पार (नाटक) હિન્દી : પ્રકાશ્ય.

૫૦. "कटती गायें, जलती कन्याएँ.." (વિદ્રોહ લેખો) : હિન્દી : પ્રકાશ્ય.

૫૧. અંતર્દર્શીની આંગળીએ.... (સ્મરણકથા) : ગુજરાતી : પ્રકાશ્ય.
ડૉ. વંદના પ્ર. ટોલિયા, ઍન. ડી. (નૅચરોપૅથ, I.N.Y.S. જિંદાલ, બેંગ્લોર,) લિખિત

૫૨. "Why Vegetarianism ?" : અંગ્રેજી : પ્રકાશિત.

૫૩. સપ્તભાષી આત્મસિદ્ધિ

૫૪. પંચભાષી પુષ્પમાલા.

૫૫. પારુલ-પ્રસૂન
હિન્દી/ગુજરાતી/સીડી.

**આમંત્રણ :**

**'પ્રકાશિત'** પુસ્તકો (મર્યાદિત સંખ્યામાં જ શેષ) બેંગ્લોરથી ઉપલબ્ધ.
**'પ્રકાશ્ય'** પુસ્તકોની કૉપીરાઇટ હસ્તપ્રતો પ્રાયઃ તૈયાર. પ્રકાશક-પ્રતિષ્ઠાનો, સંઘસંસ્થાનો, અર્થપ્રદાતાઓનો પત્રવ્યવહાર આવકાર્ય છે.

**વર્ધમાન ભારતી ઇન્ટરનૅશનલ ફાઉન્ડેશન,**
પ્રભાત કોમ્પ્લેક્સ, કે. જી. રોડ, બેંગલોર ૫૬૦૦૦૯ (૦૮૦-૨૨૨૫૧૫૫૨)

## પરાલોકમાં પારુલ – મનીષીઓની દૃષ્ટિ–સૃષ્ટિમાં

"'પારુલનો ઉદાત્ત આત્મા અત્યારે પોતાના ઊર્ધ્વગમન ભણી ગતિ કરી રહેલ છે. 'મુક્તિ' તો નથી. એ જન્મ લેશે, કેવળ થોડા જ જન્મ અને પહોંચશે 'સમકિત'સુધી. તેના પુનર્જન્મ–પ્રાપ્ત આત્માને તમે ઓળખી લેશો.''

– આત્મદૃષ્ટા વિદુષી સુશ્રી વિમલાતાઈ ઠકાર, માઉન્ટ આબુ
(Voyage within with Vimalajee - pp 15)

''જોકે પારુલને હું એક જ વાર મળ્યો હતો કે જયારે તેણે બેંગલોર ઍરપોર્ટ ઉપર મારો ઇન્ટરવ્યુ લીધો હતો, મને તે એક આશુ–પ્રાજ્ઞ, ભલી અને સચ્ચાઈ ભરેલી કન્યા દેખાઈ.

આટલી નાની વયમાં તેનું મૃત્યુ એક ખીલી રહેલી કળીના જેવું છે, કે જે એક અદ્ભુત પુષ્પ–રૂપમાં વિકસિત થવા જઈ રહી હતી . . . તેના આત્માની શાંતિને માટે પ્રભુને મારી પ્રાર્થના.''

– પંડિત રવિશંકર, નવી દિલ્હી (Profiles of Parul)

''પારુલ અનેક સિદ્ધિઓનું એક એવું વ્યક્તિત્વ હતું કે જે કોઈ પણ વિષય તેણે સ્વીકાર્યો, તેમાં તે ચરમસીમા પર પહોંચી. પોતાની બૌદ્ધિક સંપદા હોવા છતાં પણ તે એક કર્મઠ કર્મ–યોગિની રહી. પરંતુ આ સર્વથી ઉપર મને તે દેખાઈ – એક અતિ સંવેદનશીલ અને પ્રશાંત આત્મા રૂપે કે જેની આંખો સદા સુદૂર આકાશની પેલે પાર મીટ માંડતી રહી અને સચરાચર સૃષ્ટિની પ્રત્યે સદા પોતાની કરુણા વહાવતી રહી.''

– શ્રી કાન્તિલાલ પરીખ, મુંબઈ (Profiles of Parul)

''જાણીતા જૈન સ્કૉલર, સંગીતકાર, પ્રતાપકુમાર ટોલિયાની પુત્રી પારુલ ટોલિયા જો આજ જીવિત હોત તો પત્રકારીત્વના ક્ષેત્રમાં એક વિશેષ સ્થાન બનાવી ચૂકી હોત. પરંતુ ૨૮ ઓગસ્ટ ૧૯૮૮ ના રોજ એક અકસ્માતમાં તેનું આકસ્મિક નિધન થઈ ગયું. બહુમુખી પ્રતિભાની સ્વામિની પારુલે ન જાણે કેટલા ય નાના–મોટા પુરસ્કારો પોતાની નાનકડી ઉમરમાં એકત્ર કરી લીધા હતા. એ શહેરના તત્કાલીન લોકપ્રિય સાપ્તાહિક 'સિટી ટૅબ'ની નિયમિત કટાર–લેખિકા હતી અને શહેરના સર્વપ્રથમ હિન્દી દૈનિક 'કારણ'માં સહાયક સંપાદકના રૂપમાં કાર્ય કરી ચુકી હતી. તેની પુણ્યતિથિ ૨૮ મી ઓગસ્ટના રોજ છે. આ પુણ્ય અવસરના આલોકમાં તેની થોડી નાની મોટી કવિતાઓ અહીં પ્રસ્તુત છે.''

– શ્રીકાન્ત પારાશર, સંપાદક, દૈનિક 'દક્ષિણ ભારત'
બેંગલોર ૨૧.૮.૨૦૦૫